અપીલ અરજી નં.૧૪૦/૦૮–૦૯ તા. ૨૨–૮–૦૮

અરજદારઃ શ્રી મુનીર એ.મારફતીયા
સામાવાળાઃડે.કમિશનર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી નોર્થઝોન

***હુકમઃ–***

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મુનીર એ.મારફતીયાની તા.૧૦–૭–૦૮ ની અરજીથી વોર્ડ નં.૧૫ડી, નોંધ નં.૫૬૧૩, સર્વે નં.૪૫૬/૫૭ વાળી પટની સુન્નત જમાત કબ્રસ્તાનને અડીને મકબરા મસ્જીદની બાજુમાં વેડરોડ ખાતે આવેલી જગ્યા પર ત્રણ દુકાનો જેના ઉપર એમ–૧,એમ–૨, એમ–૩, લખેલ છે. તે કોના નામે ચાલે છે. તેનું પ્લાન પાસ થયું છે? અને થયું છે તો કોના નામે છે? મુદ્દા નં.૧ થી ૩ બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨૨–૮–'૦૮ ની અપીલ અરજી નં.૧૪૦/૨૦૦૮–૦૯

શ્રી મુનીર એ.મારફતીયાની તા.૧૦–૭–૦૮ ની અરજીથી વોર્ડ નં.૧૫ડી, નોંધ નં.૫૬૧૩, સર્વે નં.૪૫૬/૫૭ વાળી પટની સુન્નત જમાત કબ્રસ્તાનને અડીને મકબરા મસ્જીદની બાજુમાં વેડરોડ ખાતે આવેલી જગ્યા પર ત્રણ દુકાનો જેના ઉપર એમ–૧,એમ–૨, એમ–૩, લખેલ છે. તે કોના નામે ચાલે છે. તેનું પ્લાન પાસ થયું છે? અને થયું છે તો કોના નામે છે? મુદ્દા નં.૧ થી ૩ બાબતે ડે.કમિશનર(પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી ના પત્ર નં.નોર્થઝોન/આ.૩૬૫૭ તા.૧૨–૮–૦૮ થી આપેલ માહિતીના અનુસંધાને અપીલમાં ગેરકાયદેસર બાંધકામની રજુઆત કરી અને વિલંબથી માહિતી પુરી પાડયાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૨–૮–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૯૫ તા.૫–૯–૦૮ થી ડે.કમિશનર (પઅને ઈ) અને જાહેર માહિતી અધિકારી નોર્થઝોનને પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી નોર્થઝોન/આ.નં.૪૩૬૩ તા.૧૨–૯–૦૮ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે.

અરજદારને મુળ અરજીમાં માંગવામાં આવેલી માહિતી ડે.કમિશનર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પાડવામાં આવેલ. જે અનુસાર દુકાનો કોના નામે ચાલે છે તેની વિગત પુરી પાડી પ્લાન પાસ કરેલ નથી અને રીપેરીંગ અરજી કરવામાં આવેલ હોવાની માહિતી પુરી પાડેલ છે. દરમ્યાન અરજદારે તા.૬–૯–૦૮ થી ડે.કમિશનર (પઅનેઈ) ને માહિતીની જરૂર ન હોવાથી તા.૧૦–૭–૦૮ ની અરજી દફતરે કરવા તથા તા.૨૨–૮–૦૮ ની અપીલ કાઢી નાંખવાની અરજી કરેલ છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૧૦–૭–૦૮ અરજીથી માંગ્યા મુજબની માહિતી અરજદારને મ. જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ છે. અરજદારે તા.૬–૯–૦૮ ની અરજીથી તા.૧૦–૭–૦૮ ની અરજી દફતરે કરવા તથા તા.૨૨–૮–૦૮ ની અપીલ કાઢી નાંખવા રજુઆત કરેલ છે. આથી અપીલ અરજી અંગે કંઈ કરવાનું રહેતું નથી અને અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૯ –૦૮.

***ડે.કમિશનર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧)ડે.કમિશનર (પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી,નોર્થઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી મુનીર એ.મારફતીયા,